જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૭/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૧૦૪૯/૨૦૨૫**

કાલુપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૮૬/૨૦૧૩ ઇપીકો કલમ ૩૬૪(એ), ૧૧૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૨૨૦/૨૦૨૫ મુજબના ગુનાના કામે આરોપી (૧) હિતેશ ઉર્ફે હિતીયો મથુરભાઇ પરમાર (ઉ.વ.૨૩) (રહે.પીકર્સની ચાલી, અનીલ સ્ટાર્સ રોડ, સરસપુર, અમદાવાદ શહેર) અને (૨) નીતીન સતિષભાઇ સોલંકી (ઉ.વ.૨૮)(રહે.૧/૧, શુશીનગર સોસાયટી, મછાની મસ્જીદ સામે, સરસપુર, અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી પી.બી.પટેલ સાહેબ, કોર્ટ નં.૩૧, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૧/૦૮/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૫૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઇકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૭૪ લીટર દેશી દારૂ, ૧૫૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૮૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૨૮ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગારધારા હેઠળ ૧૧ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧,૩૮,૮૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૫૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઇકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૫૨/૨૦૨૫**

ક્રાઇમ બ્રાન્ચઃ નગાભાઈ સ/ઓ લાખાભાઈ ભરવાડ (ઉ.વ.૩૦) (રહે. બાવળીયા બસ સ્ટેન્ડ રાજપુત સમાજ ભવનની બાજુમાં સરદાર આવાસના છાપરાં ગોતા) એ તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે મે–૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર એ/૪૦૩ ટાઇટેનીયમ સીટી સેન્ટર ખાતે આરોપી (૧) પૂર્વ કેતનભાઈ શાહ (રહે. ઓલીવ ગ્રીન બ્લોક નં–એચ–૧૧૦૨ વોડાફોન ટાવરની બાજુમાં ગોતા અમદાવાદ) (૨) વંદિત સુરેશભાઈ શાહ અને (૩) વિશાંત ઉર્ફે વિશાલ સુરેશભાઈ શાહ (બન્ને રહે. ૧૦૪ આશાકિરણ ટાવર ટાઇમ ઓફ ઇન્ડીયાની બાજુમાં અમદાવાદ) નાઓએ ભેગા મળી નગાભાઈ ભરવાડ તથા નગાભાઈ ભરવાડના કુંટુબી સભ્યોને ગુજરાત હાઉસીંગ બોર્ડના આવાસના મકાનો અપાવવાનુ જણાવી મકાન ફાળવણીના ખોટા સર્ટીફીકેટ આપી નગાભાઈ ભરવાડ તથા નગાભાઈ ભરવાડના કુંટુબી સભ્યો પાસેથી મળી કુલ રૂપિયા ૨૫,૫૦,૦૦૦/– મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ–૪, પો.ઇ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

દરીયાપુરઃ દરીયાપુર વિસ્તારમાં રહેતી મહીલાએ તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે "uk landan" નામના ફેસબુક પેજ ઉપર સુનિલ નામના વ્યક્તિ સાથે મહીલાની મિત્રતા થતા તેઓએ લગ્ન કરવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ તા.૧૬/૦૭/૨૦૨૫ થી તા.૨૫/૦૭/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૭૯૮૩૩૬૮૪૨૩ ના ધારકે મહીલાને ફોન કરી જણાવેલ કે મુંબઇ છત્રપતિ શિવાજી એરપોર્ટ ખાતેથી ઇન્સ્પેકટર અજયકુમાર વાત કરતા હોવાની ઓળખ આપી ફેસબુક પેજ ઉપર મિત્રતા થયેલ સુનિલ નામની વ્યક્તિને મુંબઈ એરપોર્ટ ખાતે યુ.કે.થી ભારત દેશમા પરમીટ વગર આવતા પકડેલ છે જેથી પતાવટ માટે વાતચીત કરી ઇ-મેલ આઇ.ડી asadkhan08072004@gmail.com નો ઉપયોગ કર્તા તથા મોબાઈલ +૯૨૩૪૦૬૪૮૧૯૩૯, +૯૨૩૧૧૭૧૨૬૪૨, ૭૦૬૭૩૦૨૭૭૬ ના ધારકોએ ભેગા મળી મહીલા પાસેથી ઓનલાઇન રૂપિયા ૧,૬૦,૦૦૦/- મેળવી લઈ તેમજ વધુ પૈસાની માંગણી કરી તથા મહીલાને બદનામ કરવાની ધમકી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જી દેસાઇ ચલાવે છે.

સેટેલાઈટઃ બોડકદેવ મોકા કેફે પાસે દેવાશીષ કોમ્પલેક્ષ ખાતે આવેલ એસ.બી.આઇ.બેંક મેનેજર એ તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) આયુષ વિપુલ શેઠ અને (૨) વરૂન ફાલ્ગુન શેઠ (બન્ને રહે. બંગલા નંબર-૫ યોગેશ્વરનગર કો.હા.સો.વી.આર.સ્કુલ પાસે પાલડી ભઠ્ઠા અમદાવાદ) નાઓએ ભેગા મળી પાલડી ભઠ્ઠા કો.હા.સો.વી.આર.સ્કુલ પાસે યોગેશ્વરનગર બંગલા નંબર-૫ ની મિલ્કત ખરીદ કરવા માટે તા.૦૬/૦૭/૨૦૨૨ ના રોજ નોટરાઇઝ બાનાખત કરી બેન્કમાંથી હોમ લોન રૂપિયા ૪,૯૭,૦૦,૦૦૦/- તથા સુરક્ષા લોન રૂપિયા ૧૨,૭૦,૦૦૦/- મંજુર કરાવી લઇ જે પૈસા તેમની બિઝનેશ લોન ઓફ બરોડાના ખાતામાં મેળવી લઇ માસીક હપ્તા અનિયમીત રીતે નવેમ્બર/૨૦૨૩ સુધી ભરપાઇ કરેલ અને ત્યારબાદ હપ્તા ભરપાઇ નહી કરી તેમજ મિલ્કતનો રજીસ્ટર દસ્તાવેજ નહી કરી આપી જેથી બેંકમાથી ઇક્વીટેબલ મોર્ગેજ પણ થઈ શકેલ નથી તથા બેંકમાંથી લીધેલ લોન ભરપાઇ નહી કરી એન.પી.એ (નોન પર્ફોર્મીંગ એસેટ) થઇ બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.ચૌધરી ચલાવે છે.

એરપોર્ટઃ સરદારનગર વિસ્તારમાં રહેતી મહીલાએ તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ફેસબુક મેસેન્જરમાં Ashok Patel એકાઉન્ટના ધારકે તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ મહીલાને મેસેજ કરતા, મહીલાએ તેની સાથેની ચેટીંગ દરમ્યાન પોતાની ઓળખ યુ.કે.બ્રીટીશ એરવેઇઝમાં જોબ કરતા હોવાની વાત કરી મહીલાને વિશ્વાસમાં લઈ મિત્રતા કેળવી વોટ્સએપ નંબર +૪૪૭૮૮૭૧૬૪૫૫૧ આપી વોટ્સએપના મધ્યમથી તા.૨૫/૦૭/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન જણાવેલ કે પોતાને પ્રમોશન મળેલ હોય આ મહીલાને ગીફ્ટ આપવા માંગતા હોવાનું કહેતા, મહીલાએ ગીફ્ટ સ્વિકારવાની ના પાડવા છતાં ગીફ્ટ સ્વિકારવા દબાણ કરી મહીલા પાસેથી મહીલાનું સરનામું મેળવી તેઓએ ગીફ્ટ કુરીયર કરેલાના ફોટા વોટ્સએપમાં મેસેજ કર્યા હતા. ત્યારબાદ મહીલાએ ગીફ્ટ સ્વિકારવાની ના પાડતા તેઓએ જણાવેલ કે કેન્શલેશન ચાર્જના નાણાંની ચુકવણી રીસીવરે કરવાની હોય છે જેથી અત્યારે કેન્શલેશનના ચાર્જના નાણાં ૨૦,૦૦૦/- ચુકવણી કરવી પડશે નહી તો મને બહુ મોટું નુકશાન થશે તેમ જણાવી કુરીયર કંપનીના બેન્ક ખાતાની વિગત મોકલતા મહીલાએ આપેલ ખાતામાં રૂપિયા ૨૦,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ ફરીવાર કેન્શલેશનના રૂપિયા ૨૦,૦૦૦/- ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ બીજા દિવસે ઈમેઈલ દ્વારા મેસેજ આવેલ કે ૪૦,૦૦૦/- રૂપિયા ટુકડે-ટુકડે ટ્રાન્સફર થયેલ હોય રૂપિયા ૪૦,૦૦૦/- એક જ ટ્રાન્ઝેક્શનથી કરવા પડશે તેવું જણાવતા મહીલા પોતે છેતરાયા હોવાનું માલુમ પડયું હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.ડી.નકુમ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૦૫૩/૨૦૨૫**

નારોલઃ ચતુરભાઇ ઘનજીભાઇ ચાવડા (રહે.ગણેશનગરનાં કાચા છાપરાં પાવર હાઉસની બાજુમાં પીપળજ–પીરાણા રોડ નારોલ) એ તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી તા.૨૪/૦૭/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ઘરનાં છતનું સિમેન્ટનું પતરૂં તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીનું તાળુ તોડી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના તથા ચાંદીની મુર્તિ અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૫૧,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ડી.સાંબડ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૦૫૪/૨૦૨૫**

વાડજઃ મીનાબહેન જીતેન્દ્રભાઈ પ્રજાપતિ (ઉ.વ.૫૧) (રહે. પ્રજાપતિ સોસાયટી, ઘાટલોડિયા) એ તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૭/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘાટલોડિયા છાયા ફ્લેટથી ઉસ્માનપુરા વચ્ચેની એએમટીએસ બસની મુસાફરી દરમ્યાન મીનાબહેન પ્રજાપતિની નજર ચુકવી તેમના પર્સમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૫૦,૦૦૦/– અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હ્યતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.વી.ગોહીલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૫૫/૨૦૨૫**

શહેરકોટડાઃ વિનોદભાઇ જગદીશસિગ ભદોરીયા (ઉ.વ.૩૯) (રહે. રાજહંસની ચાલી પ્રેમનગર મેમ્કો) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૭/૨૦૨૫ રાતના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રકાશભાઈ વિરચંદભાઈ ચલાવે છે.

સરદારનગરઃ નોબલનગર સંતોકપાર્ક ખાતે રહેતા મહેન્દ્રસિંગ દેવીશંકર યાદવ નાઓના સગીર વયના પુત્રએ અગમ્ય કારણસર તા.૨૭/૦૭/૨૦૨૫ રાતના ૧૧/૦૦ થી તા.૨૮/૦૭/૨૦૨૫ કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જયંતીલાલ ચલાવે છે.

વટવાઃ મોના વા/ઓ કમલેશ સોલંકી (ઉ.વ.૩૧) (રહે. બ્લોક નંબર–૨૭/૮૬૨ કુશાભાઉ ઠાકરેનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૭/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.એન.ગોહીલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી